# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-08-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## નેપાળમાં ફસાયેલા પરિવારોની મદદ માટે હેલ્પલાઇન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે તેમના નેપાળી સમકક્ષ બાલેન્દ્ર શાહ સાથે વાત કરી અને નેપાળમાં પૂરને કારણે થયેલા જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે, ભારત નેપાળને શક્ય તમામ માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.

દરમ્યાન કલેક્ટર કચેરી ભુજ ખાતેના આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે મુજબ, જો કચ્છના કોઈ પ્રવાસીઓ નેપાળમાં ફસાયા હોય તો તેમના પરિવારજનોને મદદ કે સહાય માટે તાત્કાલિક કંટ્રોલ રૂમ નંબર 02832-250923 પર સંપર્ક કરવા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી દ્વારા અપીલ કરવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

## આરોગ્યમંત્રી – ખોરાકમાં ભેળસેળ

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ ખોરાકમાં ભેળસેળ કરનારા અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા કોઈ પણ વ્યક્તિને છોડવામાં નહીં આવે તેવી ચેતવણી આપી છે. સાથે જ તેમણે નાગરિકોને બહારનું અશુદ્ધ ખાવા-પીવાનું બંધ કરી પૌષ્ટિક આહારની ટેવ માટે જાગૃત થવા અપીલ કરી. ગાંધીનગરમાં 77-મા વન

મહોત્સવ અંતર્ગત વૃક્ષરથનું પ્રસ્થાન અને “એક પેડ માઁ કે નામ” અભિયાન હેઠળ વૃક્ષારોપણ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પાનશેરીયાએ આ વાત કહી.

---------------------------------------------------------------------------------------

## રક્ષાબંધ નિમિત્તે એસટી દ્વારા બસો

રાજ્યભરમાં રક્ષાબંધન નિમિત્તે એસ. ટી. નિગમ દ્વારા ગઈકાલથી આગામી 30 તારીખ સુધી છ હજાર 500 વધારાની બસ દોડાવાશે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મુખ્ય શહેર અને અંબાજી, પાવાગઢ અને સોમનાથ જેવા પ્રમુખ તીર્થધામો પર વિશેષ બસ દોડાવાશે. ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 101 નવી બસનું લોકાર્પણ કરાયા બાદ વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ માહિતી આપી.

આ પ્રસંગે એસ. ટી. નિગમની મહિલા કંડક્ટરોએ શ્રી સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી. સાથે જ શ્રી સંઘવીએ તહેવારોની ઉજવણીનું બલિદાન આપનારા એસ. ટી. નિગમના કર્મચારીઓને અભિનંદન પાઠવી તેમની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી.

---------------------------------------------------------------------------------------

## ઘાસચારાની તંગી અંગે બેઠક

પશ્ચિમ કચ્છમાં નહિવત વરસાદના કારણે હાલ ઘાસચારા અને પાણીની તંગી ઊભી થઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કલેક્ટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં  બેઠક યોજાઇ હતી અને તમામ પ્રાંત અધિકારીઓ પાસેથી તેમના તાલુકા વિસ્તારમાં ઘાસની ડિમાન્ડ અંગેની સૂચનાઓ અપાઇ છે. હાલ વન વિભાગ

પાસે જે ઘાસ ઉપલબ્ધ છે તેનું વિતરણ કરવામાં આવશે અને જો વધુ જરૂર પડે તો અન્ય જિલ્લાઓમાંથી પણ ઘાસ માંગવાની વ્યવસ્થા કરવામાં આવશે. ઉપરાંત, જે વિસ્તારોમાં પાણીની તંગી સર્જાઈ છે તે અંગે પણ કલેક્ટર દ્વારા પાણી પુરવઠા વિભાગને તાકીદ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## અંજાર – ટીબી મુક્ત અભિયાન

'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત અંજાર તાલુકામાં ટીબીના દર્દીઓને તેમની સારવાર દરમિયાન પૂરતું પોષણ મળી રહે તેવા ઉમદા હેતુથી સુન્ની દાવત-એ-ઈસ્લામી સંસ્થા દ્વારા ૧૬ જેટલા ટીબીના દર્દીઓને પોષણ કીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. દર્દીઓને યોગ્ય પોષણ સહાય મળી રહે અને તેઓ પોતાની સારવાર અધવચ્ચે ન છોડતા નિયમિત રીતે પૂર્ણ કરે તે હેતુથી સંસ્થા દ્વારા આ ઉમદા સેવાકીય પહેલ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## NEET UG ના એડમિટ કાર્ડ

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઇન મેડિકલ સાયન્સિસ (NBEMS) દ્વારા નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ પોસ્ટ ગ્રેજ્યુએટ (NEET PG) ના એડમિટ કાર્ડ જાહેર કરાયા છે.

નોંધણી કરાવનારા ઉમેદવારો સત્તાવાર વેબસાઇટ પરથી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. આગામી રવિવાર 30 ઓગસ્ટે NEET PGની પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ સાથે સિંગલ શિફ્ટમાં યોજાશે.

તો ભુજ ખાતે કચ્છ યુનિવર્સિટીમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે, જ્યાં કુલ 70 ઉમેદવારો નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે.

---------------------------------------------------------------------------------------

## ભચાઉમાં મેળો

ભચાઉ શહેરની મધ્યમાં ડુંગર પર બિરાજમાન અને ‘ભચાઉના નાથ’ તરીકે ઓળખાતા શ્રી કંથડનાથ દાદાના મંદિરે શ્રાવણ સુદ તેરસના પવિત્ર દિવસે લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પૌરાણિક મંદિરે દર્શન અને મેળાની મજા માણવા શહેરવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મેળા સમિતિ દ્વારા વર્ષોની પરંપરા મુજબ નાથ દાદાની વિશેષ પૂજા-અર્ચના, નૈવેદ્ય અને સંતવાણીના કાર્યક્રમો યોજાયા હતા. આ ગઢ પર કંથડનાથ દાદાની સાથે ભવાની માતાનું પૌરાણિક મંદિર પણ આવેલું છે. મેળા સમિતિ દ્વારા આ સંપૂર્ણ આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## હવામાન

મોટાભાગના જિલ્લાઓમાં મેઘરાજાના વિરામ વચ્ચે આગામી સાત દિવસ રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આ અંગે માહિતી આપતા કહ્યું, રાજ્યમાં વરસાદની હાલ સાત ટકા ઘટ છે.

---------------------------------------------------------------------------------------